જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૩/૦૮/૨૦૨૨ શનિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૧૪૩૭/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૨/૦૮/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૦ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૪ | ૦ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૬ | ૩,૨૮,૬૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૩૮/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૩ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૧૨૯ લીટર દેશી દારૂ, ૨ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૧૨ કેસ કરી, ૭૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૧૩,૭૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૩૯/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૪૪૦/૨૦૨૨**

**કાલુપુરઃ** વસીમઅલવી મોહમંદઅલી શેખ (ઉ.વ.૩૦) (રહે. અલઅમન સોસાયટી કુરેશપાર્ક પાસે બોમ્બે હોટલ નારોલ) એ તા.૧૨/૦૮/૨૦૨૨ ના રોજ કાલુપુર પોલીસ સ્તેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૦૭/૨૦૨૧ થી તા.૧૦/૦૯/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન કાલુપુર પાંચકુવા ઓમ હરીઓમ માર્કેટ બીજા માળે આવેલ દુકાન નંબર-૨૧૪ “વસીમ ટેક્ષ્ટાઇલ” તથા દુકાન નંબર-૨૧૦ ઝેબા ટેક્ષ્ટાઇલ નામની દુકાન ખાતેથી આરોપી (૧) અશોક ચકરી ઉર્ફે અશોક નારાયણદાસ ગોપલાણી (રહે. નામદાર ભવન હરીઓમ સ્કુલ પાસે ખોખરા અમદાવાદ) (૨) રોહિત ઉર્ફે પંકજ ઉર્ફે શ્રીપાલ ઉર્ફે જૈન ચંદનમલજી તેલપુરીયા (ઠે.૬૪૯ સુગ્નોમલ માર્કેટ રેવડીબજાર કાલુપુર અમદાવાદ) અને (૩) તારીકખાન ઉર્ફે પીન્ટુખાન (ઠે.એસ.એસ.ટ્રેડીંગ આસ્મીસ વેલનેસ સેન્ટર પ્રબોધન ક્રુદા ભવન ગોરેગાંવ, વેસ્ટ મુંબઇ) એ ભેગા મળી વસીમઅલવી શેખને વિશ્વાસમાં લઈ વસીમઅલવી મોહમંદઅલી શેખની વસીમ ટેક્ષ્ટાઇલ તથા ઝેબા ટેક્ષ્ટાઇલ પેઢીમાંથી લેડીઝ રેડીમેડ ગારમેન્ટનો માલ કિમત રૂપિયા ૪૨,૪૫,૯૮૫/- ટ્રાન્સપોર્ટ મારફતે મંગાવી માલ મેળવી લઈ માલના રૂપિયા નહી આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.જે.ચુડાસમા ચલાવે છે.

**લુંટઃ-** **સમાચાર યાદી નં.૧૪૪૧/૨૦૨૨**

**રિવરફ્રંટ ઈસ્ટઃ** જયશ્રીબહેન વા/ઓ નિમેષકુમાર શાહ (ઉ.વ.૪૦) (રહે. શીલ્પ રેસીડેન્સી હિરાવાડી બાપુનગર) તા.૧૨/૦૮/૨૦૨૨ સવારના ૭/૦૦ વાગ્યાના સુમારે ગાંધીબ્રિજ મેટ્રોબ્રીજના નીચે વોક-વે માંથી બહાર નીકળવાના ઢાળ ખાતેથી સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ જયશ્રીબહેન નજીક આવી પાછળથી ટી-શર્ટ પકડીને કાન પર કોઇ હથિયાર રાખીને જયશ્રીબહેનના ગળામાંથી સોનાની ચેઈન, કાનમાંથી સોનાની બુટ્ટી અને સાયકલના બાસ્કેટમાંથી મોબાઇલ મળી કુલ કિમત રૂપિયા ૭૬,૦૦૦/- લુંટ કરી નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ જયશ્રીબહેન શાહે રિવરફ્રંટ ઈસ્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી કલ્પેશકુમાર પ્રેમજીભાઇ ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૪૪૨/૨૦૨૨**

**વટવા જીઆઈડીસીઃ** જશોદાનગર જુની વસાહત મેલડી માતાના મંદીર પાસે રહેતા પીન્ટુ સંતોષ યાદવ (ઉ.વ.૩૧) (મુળ વતન. ભગવંતનગર ઉત્તરી ગઢેવા તા-બિધાપુર જી-ઉન્નવા ઉત્તરપ્રદેશ) તા.૧૨/૦૮/૨૦૨૨ બપોરના ૪/૩૦ વાગ્યા પહેલા માર્વેલ મેટલ ઈન્ડસ્ટ્રીજ કંપનીમા રોલીંગ લાઈનમા કામ કરતા હતા ત્યારે મેટલનુ પતરું ઉછળી પેટના ભાગે વાગતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વટવા જીઆઈડીસી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અનિલભાઇ ગોવિંદભાઇ ચલાવે છે.

**દાઝી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૪૪૩/૨૦૨૨**

**વાડજઃ** રીટાબહેન ઉર્મેશભાઇ શાહ (ઉ.વ.૬૭) (રહે. અલ્કાપુરી સોસાયટી ઉસ્માનપુરા જુના વાડજ) તા.૦૭/૦૮/૨૦૨૨ બપોરના ૩/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે સેવાપુજા કરવા દિવો પ્રગટાવતી વખતે દિવાની જાળ પહેરેલ કપડાને અડકી જતા ઝાળ લાગતા દાઝી ગયા હતા. સારવાર માટે તેમને પાલડી નવકાર પ્લાસ્ટીક સર્જરી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૨/૦૮/૨૦૨૨ કલાક ૪/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.પી.મલ્હોત્રા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૪૪૪/૨૦૨૨**

**નવરંગપુરાઃ** સુગનકુમારી વા/ઓ પ્રતાપસિંગ રાઠોડ (ઉ.વ.૮૪) (રહે. ડી-૨૩ છઠ્ઠો માળ જલ દર્શન સોસાયટી એચ.કે કોલેજની બાજુમાં આશ્રમ રોડ નવરંગપુરા) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૮/૨૦૨૨ કલાક ૫/૪૫ વાગ્યાના સુમારે પોતાના રહેણાંકના છઠ્ઠા માળની ગેલેરી માંથી પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે નવરંગપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી સોનલબહેન હિમાંશુભાઇ ચલાવે છે.

**દરિયાપુરઃ** રાજનારાયણ રામઉદીત શર્મા (ઉ.વ.૩૫) (રહે. રૂપાપરીની પોળ દરિયાપુર દરવાજા પાસે લાલ બંગ્લાની બાજુમાં દરિયાપુર) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૮/૨૦૨૨ કલાક ૧૨/૪૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે દરિયાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.આર.ત્રિપાઠી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી